## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સેના લખી આપે તેમ નિવેદનો વાંચ્યા કરો!*
*તેના દોરી ખેંચે તેમ ઈમરાન! નાચ્યો કરો!*
*રાચ્યા કરો, 'નજર કેદ'ના રંગ-મહેલમાં -*
*આતંકીઓ અને સેના વતી ક્ષમા યાચ્યા કરો!*

### હાઈકુ

*સેના ફટકે -*
*રનર ઈમરાન -*
*ડમી પ્લેયર...*

*આતંકીઓ ને,*
*સૈન્યના ખોફ વચ્ચે -*
*ભિંસાય શાંતિ*

### ચિંતન

***નાસ્તે ચૌરેષુ વિશ્વાસઃ ।***

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**ચોર પર ક્યારેય વિશ્વાસ ન મૂકવો.**

**ગેરકાનૂની ધન કમાતા લોકો- પછી ભલે તે પ્રધાન હોય ઉચ્ચધિકારી હોય, પ્રાધ્યાપક હોય, વ્યાપારી હોય, કે કર્મચારીઓ હોય. એને ચોર જ સમજવા જોઈએ. અને ચોર હંમેશા પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાં રચ્યો પચ્યો રહે છે. એટલે એનો ક્યારેક વિશ્વાસ ન કરવો જોઈએ.**

**ઘણીવાર માણસને જરૂર હોય ન હોય છતાં 'ચોરવૃત્તિ'ની ટેવ પડી જાય છે. કર્મચારીઓને આરામ મળે છતાં કામચોરી, પગારની આવક છતાં બેનંબરી વૃત્તિ, રાજા-પ્રધાનો ધનવાન છતાં રાજ્યની તિજોરી પર નજર રાખે છે આવા ચૌરવૃત્તિથી ટેવાયલોનો કદાપિ વિશ્વાસ ન કરવો.**

**પ્રામાણિક પર વિશ્વાસ રાખવો.**

### સુવિચાર

- ભૂતકાળના અનુભવોમાંથી આ જ ડહાપણ ભરી બને છે,
  અને આજના ડહાપણમાંથી આવતીકાલનો ઉદ્ધાર થાય છે - **હંસલ ભચેચ**
- અપેક્ષા ઓ માણસને લલચાવે છે, ઉશ્કેરે છે, બહેકાવે છે,
  તેની યુદ્ધ દાનતને ભ્રષ્ટ કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભાગ્ય એ તો આપણા થકી જ બંધાય છે, એ ઈશ્વર દત્ત નથી - **જનકલ્યાણ**
- ધર્મનો ઉદ્દેશ મનુષ્યના અંતઃકરણમાં સ્વર્ગ લાવી મૂકવાનો છે - **સાધુ વાસવાણી**
- જેવું અન્નનું એવું ધનનું, પચે તો પોષે નહીંતર પીડે - **અમૃતબિંદુ**
- માનસિક આળસ એ શારીરિક આળસની જનેતા હૈ - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : જીરૂ અને સૂંઠને સમાનભાવે લઈ શેકીને અડધી ચમચી રોજ લેવાથી અપચો મટે છે અને ભૂખ પણ સારી લાગે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મુલ્લા નસરૂદ્દીનના ગામમાં વસ્તી ગણતરી કરવા વાળા આવ્યા મુલ્લાને અધિકારીએ પૂછ્યું, 'તમારા પરિવારમાં કોણ કોણ છે તેની માહિતી આપો.' નસરૂદ્દીને કહ્યું, 'મારા પિતા જેલમાં છે. પણ શું અપરાધ કર્યો હતો તે ન પૂછશો... ઘણા બધા ગુનાઓ કર્યા હતા... મારી પત્ની કોઈની સાથે ભાગી ગઈ છે, પણ કોની સાથે ગી છે તે કહેવું મુશ્કેલ છે... મારી મોટી દીકરી પાગલખાનામાં છે, એના દિમાગનો ઈલાજ ચાલુ છે.' આવુ બધુ સાંભળી અધિકારી બેચેન થઈ ગયો. એને એમ થયું આ તો મુસીબત છે, અહીંથી કેવી રીતે ભાગું ? પણ મુલ્લાએ આગળ કહ્યું, 'મારો દીકરો બનાવરસ યુનિવર્સિટીમાં છે.' અધિકારીને થયું કે ચાલો આ પરિવારમાં કોઈક તો છે જે કંઈક નોર્મલ છે... એણે પૂછ્યું, 'તો આ છોકરો પ્રતિભાશાળી હશે... તે કયા વિષયમાં અભ્યાસ કરે છે...?' મુલ્લાએ કહ્યું, 'ગેરસમજ ન કરશો... એનામાં એવી કોઈ પ્રતિભા નથી. અને દીકરો કોઈ અભ્યાસ નથી કરતો... પણ એના મગજનો અભ્યાસ કરવા માટે બનારસ યુનિવર્સિટીના મનોવૈજ્ઞાનિકો એ એને ત્યાં રાખ્યો છે.' મુલ્લાએ આગળ કહ્યું, 'જો ઘરમાં એક વ્યક્તિ પાગલ હોય, તો કોઈને કોઈ રૂપમાં એનું પાગલપન વધારવામાં, ઘર ના સભ્યોને કાંઈ ને કાંઈ હિસ્સો છે, દરેકે એવું કંઈક કર્યું છે, કે જેની મારું આ પાગલપણું આગળ વધ્યું છે. નહિ તો મારા જેવો ડાહ્યો એમ કેવી રીતે પાગલ થઈ શકે.'

# પાકિસ્તાનને ડહાપણની દાઢ ફૂટી ખરી

**તંત્રીસ્થાનેથી...**

દુનિયાભરમાં આતંકવાદના પારણા તરીકે બદનામ થઈ ગયા પછી પાકિસ્તાન પાસે ભારત સામે ઘૂંટણિયે પડવા સિવાય આરો કે ઓવારો નહોતો રહ્યો. અમેરિકાએ એને એફ-૧૬ લડાકુ વિમાનો અમુક શરતોને અધીન વેચ્યાં હતા. એ વિમાનોનો ઉપયોગ સવિશેષ આતંકવાદીઓને ટાર્ગેટ કરવા માટે અને જરૂર પડ્યે આત્મરક્ષણ (સેલ્ફ ડિફેન્સ) માટે કરવાનો હતો. પાકિસ્તાન આર્મીએ એ વિમાનો મારફત જ ભારતીય લશ્કરી થાણાં પર બોમ્બ વર્ષા કરવાનો હિચકારો પ્રયાસ કર્યો તે હવે કોઈથી અજાણ્યું રહ્યું નથી. જે અમેરિકન મિસાઈલ દ્વારા હુમલો કરાયો તે એફ-૧૬ ફાઈટર પ્લેન મારફત જ છોડી શકાય છે અને એના ટુકડા ભારતીય સેનાએ પત્રકાર પરિષદમાં પણ પ્રદર્શિત કર્યા. પાકિસ્તાન માટે અમેરિકાની ગુડબુકમાં રહેવું અનિવાર્ય હતું. ચીન એને સીધી રીતે છાવરી શકે એમ નથી. આખું વિશ્વ મસૂદ અઝહર અને હાફિઝ સઈદ જેવા આતંકી આકાઓને ઓળખી ચૂક્યું છે. અમેરિકા, બ્રિટેન અને ફ્રાન્સ જેવા વીટો ધરાવતા દેશોએ અઝહર મસૂદને આંતરરાષ્ટ્રીય આતંકવાદી જાહેર કરવાનો નિશ્ચય કર્યો છે એટલે હવે એ મુદ્દે ચીન પર એકલું પડી ગયું છે. દેવાળિયા દેશના શાણા નેતા ઈમરાનખાનને એક ઉત્તમ ખેલાડી તરીકે દુનિયામાં પોતાની કેવી અને કેટલી હેસિયત બચી છે એનો વેળાસર અંદાજ આવી ગયો તે બેઉ રાષ્ટ્રોના ભવિષ્ય માટે ઊજળા એંધાણ સમાન છે. ઈમરાનખાનને બુધવારની રાતે ઊંઘ નહોતી આવી. ભારતે વીફર્યું છે એનો પાકો અહેસાસ થતાં ઈમરાનખાને એમનાં આર્મી અને આઈએસઆઈ જેવાં પરિબળો સાથે મસલત કરી ભારત સરકારની માગણી મુજબ કસ્ટડીમાં લીધેલા ભારતીય એરફોર્સના પાઈલટ અભિનંદન વર્ધમાનને તત્કાળ ભારતને સોંપી દેવાની જાહેરાત કરીને મૈત્રીનાં નવા યુગમાં મંડાણ કરવાની શુભચેષ્ટા દર્શાવી છે. જો કે પાકિસ્તાનનો, સવિશેષ એની બદનામ જાસૂસી સંસ્થા આઈએસઆઈનો અને પાક આર્મીનો કેટલો ભરોસો કરવો તે સવાલ તો રહેશે જ. હાલ પૂરતો પ્રશ્ન પતી જતો લાગે પરંતુ આ તો પાકિસ્તાન છે ! એના ઝુલ્ફીકાર અલી ભુટ્ટો જેવા નેતાએ કાશ્મીર પ્રશ્ને ભારત સાથે એક હજાર વર્ષ લગી લડી લેવાની પ્રતિજ્ઞા લીધેલી તે યાદ હશે. એ જ ભુટ્ટોએ આપણાં વડાપ્રધાન ઈંદિરા ગાંધી સામે ઘૂંટણિયે પડીને કાશ્મીર પ્રશ્ને બેઉ દેશો ત્રીજા કોઈ પણ પરિબળની મધ્યસ્થી વગર જ મંત્રણાઓ કરીને ઉકેલ લાવશે એવી શિમલા સંધિ પણ કરી હતી. નેવું હજાર પાક સૈનિકોએ ભારતની સેના સમક્ષ બાંગ્લાદેશની મુક્તિ વખતની લડાઈ વખતે શરણાગતી સ્વીકારી હતી. આ બધું ઈમરાનખાનને યાદ છે. તે સમજે છે કે ભારત ધારે તો પાકિસ્તાનને મચ્છરની જેમ ચપટી વગાડતામાં ચોળી શકે એવી સૈન્ય શક્તિ ધરાવતો દેશ છે. સારા પાડોશી તરીકે ભારત પાકિસ્તાનને એની મુફલિસીમાંથી બહાર આણવા માટે તમામ પ્રકારની મદદ પણ કરી શકે. પરંતુ એટલી સમજણ અને એવો વિવેક પાકિસ્તાન દાખવી શકે ખરું ? શંકા તો રહેવાની જ. હાલ પૂરતો તો આપણો પાકિસ્તાનની કસ્ટડીમાં પુરાયેલો પાઈલટ હેમખેમ પાછો વળે છે એનો હરખ કરીએ.

## દુશ્મનો કો માફ કરના ઈન્સાનીયત હૈ, લેકિન મક્કારો કો માફ કરના બેવકૂફી હૈ

*દુશ્મનો કો માફ કરના ઈન્સાનીયત હૈ, લેકિન મક્કારો કો માફ કરના બેવકૂફી હૈ*

*- આખરી રાસ્તા*

**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

૧૯૮૬માં આવેલી અમિતાભ બચ્ચન અભિનીત અને કે. ભાગ્યરાજ દિગ્દર્શિત 'આખરી રાસ્તા' ફિલ્મ અમિતાભની શ્રેષ્ઠત્તમ ફિલ્મોમાંની એક ગણાય છે. વાસ્તવમાં 'આખરી રાસ્તા' ફિલ્મ, ૧૯૮૫માં બનેલી તમિલ ફિલ્મ 'ઓરુ કાયધીયાની ડાયરી' (અ પ્રીઝનર્સ ડાયરી) ની રી-મેક હતી. ૧૯૮૫માં બનેલી આ ફિલ્મની વાર્તા કે. ભાગ્યરાજે જ લખી હતી. અને તમિલ ફિલ્મમાં હીરો કમલ હસન હતા. ત્યારબાદ કે. ભાગ્યરાજે જ આ ફિલ્મ ૧૯૮૬માં હિન્દીમાં બનાવી અને ફિલ્મના સંવાદ રાહી માસૂમ રઝાએ લખ્યા હતા. આ રોચક થ્રીલર ફિલ્મ બદલો લેવાની ભાવના અને દુશ્મનોને ઠંડા કલેજે પૂરા કરવાની અફલાતૂન ટેકનિક તથા ચોક્કસ પણે અમિતાભના મુખે સાંભળવા મળતા બેનમૂન સંવાદો... આ બધા પાસા ફિલ્મને હિટ બનાવવા માટે પૂરતા હતા...

ખરેખર 'દુશ્મન' શબ્દ અમૂક મક્કારો માટે વાપરવો તે 'દુશ્મન' શબ્દનું અપમાન કરવા બરાબર છે... 'દુશ્મની' પણ ચોક્કસ (એથિક્સ) નીતિને વળગીને કરનાર વ્યક્તિ સાથે કરીએ, તો ઠીક છે, પરંતુ આપણા કમનસીબે આપણો પાડોશી દેશ દુશ્મન તો છે જ પરંતુ મક્કાર અને દગાબાજ પણ છે, એક વાર દુશ્મનને માફ કરાય પરંતુ મક્કારોને તો ક્યારેય નહીં...

આવી જ વાત વેદવ્યાસ રચિત આપણા મહાકાવ્ય 'મહાભારત'ના શાંતિપર્વમાં સાંભળવા મળે છે.

*અમિત્રં નૈવ મુચ્ચેત વદન્તં કરુણાન્યપિ ।*
*દુઃખં તત્ર ન કર્તવ્યં હન્યાત્ પૂર્વાપકારિણમ્ ॥*

*- મહાભારત*

દયાની ભીખ માગતા અને આજીજી કરતો હોય છતાં પણ શત્રુને ન છોડવો જોઈએ, ન તો તેના પર દુઃખ કરવું જોઈએ.

જેણે આપણને પહેલા હાનિ પહોંચાડી હોય તે દુશ્મનને સમાપ્ત જ કરી દેવો જોઈએ.

વાત, ચાર-પાંચ હજાર વર્ષ પહેલા લખેલ મહાભારતની હોય, ૧૯૮૬માં લખેલ ડૉ. મારી માસૂમ રઝાએ કહી હોય કે પછી આજકાલ આપણા નાપાક પડોશી દુશ્મન સાથેની પરિસ્થિતિઓની હોય... આ સુંદર સુભાષિત રચીને વ્યાસજીએ આપણને અણમોલ રતન સમાન ભેટ ધરી છે. દુશ્મન અને દગાબાજ મક્કારને તેના મગરના આંસુ જોઈને ક્ષમા ન જ કરવો જોઈએ. જયાં સુધી સંપૂર્ણ આતંકવાદનો સફાયો ન થાય ત્યાં સુધી આપણને ભૂતકાળમાં અનેકવાર હાનિ પહોંચાડી ચૂક્યા છે તેવા દુશ્મનને સમાપ્ત કરવાની શરુઆત થઈ ચૂકી છે, તે શરુઆત અંત સુધી જવી જ જોઈએ...

- jayuoza@gmail.com, Mo. 9898046488

## વિચાર - વિમર્શ અને વિવેચન

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારાસ યોજાતા 'વાર્તા વાચિકમ્, કાવ્યપઠન અને તે અન્વયે વિચાર-વિમર્શ અને વિવેચન'ના કાર્યક્રમ અંતર્ગત એક કાર્યક્રમ તા. ૧૭-૦૨-૨૦૧૯ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિખંડમાં યોજાઈ ગયો. જેમાં કવિ સામંત સોલંકી (વેરાવળ) દ્વારા પોતાની રચનાઓ (૧) અમર શહિદી - એક ગોઝારી ચાલ આજે (૨) જયભીમ એક નામ નથી, નવા યુગનો ઈતિહાસ છે (૩) બસ, હવે ના સતાવો (૪) હા, અમારે પણ જીતવું છે - તમારે પણ જીવવું છે (૫) શિતમની ચીસ સંભળાવી જોઈએ (૬) જય ભીમ પર હવે ઈમાન રાખો રજૂ કરી હતી. સાહિત્યકાર નિલેશ કાથડે પોતાની કાવ્યરચનો (૧) આભડછેટ ? એટલે શું ? (૨) હું લખું લખું પીડાની ટપાલ રજૂ કરી હતી અને ત્યારબાદ તેમણે સૌરાષ્ટ્ર અને કચ્છ સ્થિત બૌદ્ધગુફાઓની ધરબાયેલી અસ્મિતાને ઉજાગર કરીને, ગુજરાતમાં બૌદ્ધ ધર્મની બોલબાલા અંગેની શ્રેણીબંધ વિગતોથી સર્વેને અવગત કર્યા હતા. આ રજૂ થયેલ કૃતિઓ અન્વયે હાજર નામી સાહિત્યકારો ડૉ. મોહન પરમાર પ્રા. યશવંત વાઘેલા, રમણ વાઘેલા, બિરેન કૌશલ, મિલિંદ પ્રિયદર્શી રમાબેન પ્રિયદર્શી, એસ.એન. દુલેરા, જીતેન્દ્ર વાઘેલા ગોવા રાઠોડ, દેવેન વાણવી, મુકેશ મારૂ, નટુભાઈ પરમાર વિગેરે વિચાર-વિમર્શ કરી તે અન્વયે વિવેચન કર્યું હતું. આમ સર્વેએ આ રચનાઓને ભલીપેર નાણી, સંચાલન મંત્રી મૂળજીભાઈ દધિએ કર્યું હતું.

**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

- muljibhaidadhi@gmail.com

# લોકહૈયે અને લોકજીભે વસેલી વ્યક્તિ : ઈન્દુચાચા

ગાંધીયુગની આકાશગંગા તરફ નજર કરીએ ત્યારે અનેક ઉજ્વળ તારાઓ — નક્ષત્રો તરફ ધ્યાન જાય છે. સમયની કદાચ એ બલિહારી હશે કે ગાંધીજી સાથેજ લોકોના સમુહને જેમનામાં ઊંડી શ્રધ્ધા હોય તેવા અનેક આગેવાનો તે સમયે નેતૃત્વની બાગડોર સમર્થ રીતે સંભાળતા હતા. લોકો સાથેનું આ આગેવાનોનું જોડાણ પણ અદ્‌ભુત હતું. લોકોની નાડ તેઓ પારખતા હતા. લોકો પણ ગાંધીયુગના આ નેતાઓના શબ્દ ઉપર કપરામાં કપરી સ્થિતિનો સામનો કરવા તૈયાર થઈ જતા હતા. પડકારોને પણ સામી છાતીએ પડકારનારા ઈન્દુલાલ યાજ્ઞિક આવાજ એક દિગ્ગજ નેતા હતા. ઈન્દુચાચાના જીવનમાં નર્મદનો 'યાહોમ કરીને પડો' એ મંત્ર કોરાયો હતો. ફત્તેહ તો મળે જતેવો છલોછલ આત્મવિશ્વાસ હતો. દિલ્હીના અનેક મોટા માથાઓ સામે આ વીર ગુજરાતી ટટ્ટાર થઈને ઊભા રહ્યા હતા. મહાગુજરાતની ઝંખના સાથે આ ફકીર બાદશાહ અદ્‌ભુત અદાઓથી ઝઝૂમ્યા હતા. કિસાનો તથા મજદૂરોના નાનામાં નાના પ્રશ્નોના ઉકેલ માટે જાગૃત એવા ઈન્દુચાચાનું સ્થાન ગાંધીના ગુજરાતમાં નર્મદની સમકક્ષ છે. લોક જાગૃતિ તથા ખમીર પ્રગટાવવામાં ઈન્દુચાચાની તોલે મૂકી શકાય તેવા બહુ ઓછા લોક આગેવાનો છે. મહાત્મા ગાંધી તરફની સંપૂર્ણ શ્રધ્ધા છતાં પોતાનો સ્વતંત્ર મત તથા મીજાજ પ્રગટ કરનારા આ તેજાબી વ્યક્તિત્વને ગુજરાત કદી ભૂલી શકશે નહિ. ફેબ્રુઆરી માસમાં ઈન્દુચાચાની જન્મજયંતિ આવે છે. (૨૨/૦૨/૧૮૯૨) આજના આ શીતળ માહોલમાં પણ ઈન્દુચાચાની હૂંફાળી સ્મૃતિ મનમાં તાજગી પ્રસરાવી જાય છે. ઈન્દુચાચાની આત્મકથાની પુનઃ પ્રસિધ્ધિ માટે આપણે સનતભાઈ મહેતાના ઋણી છીએ.

અમદાવાદ શહેરને ચાચા દિલોજાનથી ચાહતા હતા. દરેક સંસ્થાઓ સાથે તેમનો જીવંત સંપર્ક હતો. હેરલ્ડ લાસ્કી ઈન્સ્ટીટ્યૂટ (અમદાવાદ)માં ચાચાએ પોતાના ૭૯મા જન્મ દિવસે ૧૯૭૦ માં પ્રવચન આપ્યું. માવળંકર સાહેબે નોંધ કરી છે કે તે દિવસે તેમણે લાસ્કી ઈન્સ્ટીટ્યૂટની વીઝીટર્સ બુકમાં લખ્યું : ''ગાંધીજીનો જીવન સંદેશ દરેકે પોતાની અલ્પશક્તિ તથા અલ્પમતિ મુજબ પાર પાડવો જોઈએ.'' ગાંધીવિચારની માત્ર રટણા નહિ પરંતુ તેના વાસ્તવિક અમલની ઊંડી ખેવના આ અમીર શહેરના ફકીર બાદશાહના મનમાં રહેતી હતી. અમલ અંગે ગંભીરતા સિવાયની ગાંધી સ્મૃતિના સમારંભો કે કાર્યોમાં આ લડવૈયાને રસ ન હતો. કબીરદાસે લખ્યું છે : ''અમલ કરે સો પાવે, અવધુ ! અમલ કરે સો પાવે'' ગાંધી વિચારના વાસ્તવિક અમલ માટેની આપણી વ્યાપક ઉદાસીનતા તરફ ચાચાના દિલમાં ચિંતાનો ભાવ હતો.

ઈન્દુચાચાના સ્વભાવની કેટલીક જુદીજ વિશેષતાઓ હતો. પરંતુ આ અલગારી આદમી કોઈ લોભ કે લાભના કારણે નિજાનંદી વિચાર પ્રવાહને વળાંક આપે તેવા ન હતા. મહાગુજરાત ચળવળના મોભી શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક પોતાના વંટોળિયા જેવા ગતિશીલસ્વભાવનું વર્ણન કરતા લખે છે :

''મારા વિશે કેટલાંકને થાય છે કે જો હું સરખી રીતે ચાલ્યો હોત તો ઊંચો હોત. હનુમાનની માફક હૂપાહૂપ કરું છું તેથી કંઈ મેળવી શકતો નથી, પરંતુ હું કાર્ય રાજકીય દ્રષ્ટિથી નહિ પરંતુ માનવતાની દ્રષ્ટિથી કરું છું... મારો ધર્મ બજાવવામાં અંતરાયરૂપ લાગતાં મેં સંસ્થાઓ અને હોદ્દાનો ત્યાગ કર્યો છે. હું મૂર્તિપૂજક નથી .... પરંતુ છાતી ઠોકીને કહી શકું છું કે કદી રાજરજવાડાં, જમીનદાર કે શેઠ શાહુકારની ગોદ કે ઓથ લીધી નથી.'' આથી જ આ વણથાક્યા પથિકે કોંગ્રેસ છોડી ત્યારે સરદાર વલ્લભભાઈએ પૂછ્યું કે હવે શું કરશો ? તેનો જવાબ વાળતા આ એકલવીર કહે છે : ''હવે એકલા હાથે સેવા કરીશ.'' નર્મદની 'યાહોમ કરીને પડો' ની ચાચામાં જીવતી વૃત્તિનું અહીં પુનઃ પ્રગટીકરણ થાય છે. ગમે તેવા તોફાની સમુદ્રમાં પણ પોતાની નાવ શ્રધ્ધા તથા નિષ્ઠાના બળે ઝૂકાવનાર ઈન્દુચાચાની જીવનગાથા યુવાનોના ખમીરને પ્રગટાવે તેવી શક્તિશાળી તથા જવલંત છે.

ઈન્દુચાચાનું વ્યક્તિત્વ બહુઆયામી હતું. નાટકો-ફિલ્મોના ક્ષેત્રમાં તેમની કામગીરીની પણ એક અલગ કથા લખી શકાય તેવી ભાતીગળ છે.

**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

તેમનું ભાષા પરનું પ્રભુત્વ સાક્ષરોને પણ પ્રભાવીત કરે તેવું હતું. પોતાની આત્મકથા લખીને તેમણે આપણાં પર ઋણ ચડાવેલું છે. શ્રી સનતભાઈ લખે છે તેમ સત્તાએ કદી ઈન્દુચાચાને લોભાવ્યા નથી. તેમના જીવનમાં ગાંધીના ગુણોની અસર સ્પષ્ટ રીતે જોઇ શકાતી હતી. મહાગુજરાત આંદોલનના મજબૂત માધ્યમથી કરોડો ગુજરાતીઓના દિલ પર આ ફકીરે શાસન કરેલું છે. દેશ સ્વાધિન થયા બાદ એક મહાઆંદોલનને દિશા તથા નેતૃત્વ પૂરું પાડીને તેઓએ ઈતિહાસમાં પોતાનું અનોખું સ્થાન તથા આદર મેળવ્યા છે. મહાગુજરાત ચળવળની વિજયની ક્ષણે જ આ મહામાનવે જાહેર કર્યું કે મહાગુજરાત જનતા પરિષદનું કાર્ય પૂરું થયું છે. આપણું ધ્યેય સત્તાપ્રાપ્તિનું નહિ પરંતુ મહાગુજરાતના નિર્માણનું હતું ! સત્તાની દેવીને કુમકુમ તિલક કરતા રોકીને ઈન્દુચાચાએ એક અદ્વિતિય ઈતિહાસનું સર્જન કર્યું. ઈન્દુચાચાજ આવો નિર્ણય કરીને તેને વળગી રહી શકે. ઈતિહાસે નોંધેલી આ એક અજોડ ઘટના છે.

ઈન્દુચાચાએ પોતાના વિશે વાત કરતાં પોતાની આત્મકથાની પ્રસ્તાવનામાં લખ્યું છે : ''મારા સાઠ વર્ષ પૂરા થવા આવ્યા ત્યારે ર. વ. દેસાઈને મળવા વડોદરા ગયો. ર. વ. દેસાઈ ઈન્દુચાચાને કહે છે : મહાગુજરાતના ઘડતર વિષે મેં મુંબઈ યુનિવર્સિટીની વ્યાખ્યાનમાળામાં ક. મા. મુનશીને પ્રતિભાશાળી સિધ્ધપુરૂષ તરીકે અને તમને — ઈન્દુચાચાને—અસ્થિર મનના ફકીર તરીકે વર્ણવેલા છે.'' ઈન્દુચાચા લખે છે કે આ શબ્દો સાંભળીને તેઓ જરા ઝંખવાઈ ગયા. પરંતુ પછી ચાચા કહે છે કે મારા પોતાના જીવનકાળની ગતિવિધિઓ તેમજ ઘટનાઓ જોઈને તેમનો ર. વ. દેસાઈના આ કથન તરફનો કચવાટ સરી ગયો. પોતાની જાતનું પણ ઊંડા ઉતરીને ઓડિટ કરનાર મહાગુજરાતના આ ગરવા ગુજરાતીને વિશ્વનિવાસી ગુજરાતીઓ હમેશા આદર તથા ગૌરવ સહ યાદ કરશે.

# પગે પડીને મેં જયાં ખાવાનું માગ્યું, ત્યાં ભાણામાં પથરા મળ્યા ! : ગાંધી

## અર્વિનને દાંડીકૂચ પહેલના ઐતિહાસિક પત્રની ૯૦મી વર્ષ થયા

આજે ૨જી માર્ચ છે. આજથી બરાબર ૯૦ વર્ષ પહેલા મહાત્મા ગાંધીએ અંગ્રેજ વાઈસરોય લોર્ડ અર્વિનને વિગતવાર લંબાણપૂર્વકનો પત્ર લખ્યો હતો. આ પત્રમાં ગાંધીજીએ દાંડીયાત્રા પહેલા સમાધાનપૂર્વક અન્યાયી કર પાછો લઈ લેવાની વિનંતી હતી. આ પત્ર દ્વારા ગાંધીજીએ બ્રિટીશ સલ્તનતને મીઠાને લગતા કાયદાઓનો અનાદર કરવાનું પગલું પોતાના સાથીઓ સાથે ભરશે એમ જણાવ્યું હતું. વાઈસરોયને લખેલો આ પત્ર તેમણે તેમની સાથે ઘણા વર્ષોથી જોડાયેલા અંગ્રેજ યુવક રેજિનાલ્ડ રેનલ્ડ્સ મારફતે મોકલ્યો હતો. પ્રિય મિત્રનાં સંબોધન સાથે શરૂ થયેલો અને આપનો સાચો મિત્ર મોહનદાસ કરમચંદ ગાંધીની સહીથી સમાપન થયેલા પત્રમાંની વિગતો જોવા જેવી છે. પત્રમાં ગાંધીએ અંગ્રેજી રાજયને એક બલા ગણાવીને શા માટે તેઓ આમ માને છે એની સ્પષ્ટતા કરી હતી. અંગ્રેજી રાજયે એક એવા પ્રકારનું તંત્ર ગોઠવી દીધું છે કે હિંદુસ્તાન સદૈવ વધતા પ્રમાણમાં ચુસાયા જ કરે. વળી એ તંત્રનો દિવાની અને લશ્કરી ખર્ચ એટલો તો સત્યાનાશ વાળનારો છે કે દેશને એ કદી પોસાઈ શકે એમ નથી. પરિણામે હિન્દુસ્તાનની રાંકડી પ્રજા ભિખારી થઈ ગઈ છે. રાજકીય દષ્ટિએ અંગ્રેજી રાજયએ અમને લગભગ ગુલામ બનાવી દીધા છે.

ગાંધીજીએ પત્રમાં વિવિધ મુદ્દાઓની સટીક વાત લખીને સ્વરાજ મેળવવા માટેના પ્રયાસરૂપે દાંડીકૂચની જાણકારી તો આપી પણ અંગ્રેજ વાઈસરોયને પત્ર પણ કડક લખ્યો હતો. સાચી સ્વતંત્રતા શેમાં છે ? એવા પ્રશ્ન મુદ્દા હેઠળના લખાણમાં તેઓ કહે છે, જમીન મહેસૂલનો બોજો રૈયતને જેના વગર ચાલે નહીં એવી રોજની જરૂરિયાતની ચીજ નમક ઉપર પણ બોજો લદાયો છે. મીઠું એવી વસ્તુ છે જે શ્રીમંત વ્યક્તિ કરતા ગરીબે વધુ ખાવું જોઈએ, એ જો ખ્યાલમાં રાખીએ તો મીઠા પરનો કર ગરીબને કેટલો ભારરૂપ છે તે જણાઈ આવે છે.

'એ તંત્રને તિલાંજલિ આપો'

એવા મુદ્દા સાથે જગતની સૌથી વધારે ખર્ચાળ એવા પરદેશી રાજયતંત્ર ગણાવીને અંગ્રેજ રાજયતંત્રને નિભાવવા માટે બધા પાપો ચાલુ રાખવામાં આવે છે એમ સીધુનેસટ લખ્યું હતું. કશાય શબ્દો ચોર્યા વગર તેમણે વાઈસરોયને જ તેમના પગારનું દષ્ટાંત એના માટે દીધું હતું. અર્વિનને એના પગાર એણે સીધું લખતા કહ્યું કે, આપનો પગાર માસિક રૂા. ૨૧૦૦૦થી વધુ છે. એ ઉપરાંત તેમાં ભથ્થા અને બીજા આડા અવળા ઉમેરા જુદા. એની સામે ઈંગ્લેન્ડના મુખ્ય પ્રધાનને ૫૦૦ પાઉન્ડ મળે. આજના ભાવે રૂા. ૫૪૦૦થી કંઈક વધુ (૧૯૩૦) મુજબ) મળે છે. ભારતમાં દરેક માણસની સરેરાશ આવક બે આનાથી ઓછી છે, ત્યાં આપને રૂપિયા ૭૦૦ થી વધારેનો રોજ મળે છે ! આ રીતે આપ પગારરૂપે ૫ હજારથી વધું હિંદીઓની કમાણી ઉપાડો છો. જયારે ઈંગ્લેન્ડનો મુખ્ય પ્રધાન ૯૦ અંગ્રેજોની કમાણી ઉપાડે છે. આ અજબ વિષયતા ઉપર ધ્યાનપૂર્વક વિચારી જોવા બે હાથ જોડીને ગાંધીજીએ વિનંતી કરી હતી.

આ ઉપરાંત ગાંધીએ લખ્યું હતું, 'એક કઠોર પણ સાચી હકીકત બરાબર સમજાય તે માટે મારે આપનો અંગત દાખલો દેવો પડ્યો છે.'

અહિંસા પયપાશમાંથી છોડાવે એવી લાગણી વ્યક્ત કરતા તેઓ લખે છે : શુદ્ધ અહિંસા સિવાય બીજા કશાથી બ્રિટીશ સરકારની વ્યવસ્થિત હિંસા અટકાવી શકાશે નહીં અહિંસાથી અમોઘ શક્તિમાં મારી નિઃશંક અને અડગ શ્રદ્ધા હોવાથી તેનો પ્રયોગ કરવાને બદલે હું માથે હાથ જોડીને બેસી રહું તો મને લાગે છે કે હું પાપમાં પડું. અહિંસા દ્વારા બ્રિટીશ પ્રજાનો એવો હૃદયપલટો કરાવવાની મારી ઉમેદ છે કે જેની તેમને અંગ્રેજોએ હિંદને કરેલા નુકશાનને સ્પષ્ટ જોઈ શકે. સવિનય કાનૂન ભંગ દ્વારા સત્યાગ્રહ કરવાની યોજના અન્યાયો સામે લડવાની રહેશે.

**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગાંધી 'તમે ન સાંભળવો તો' - એવા મુદ્દા લખે છે : 'અન્યાયને સ્વીકારો અને તેને તત્કાલ દૂર કરવાનો માર્ગ કાઢો. જો અનિષ્ઠો દૂર કરવાનો આપ કોઈ ઉપાય નહીં શોધો અને મારા કાગળની આપ ઉપર અસર નહીં થાય, તો આ મહિનાની ૧૨મી તારીખે આશ્રમના સાથીઓ સાથે મીઠાને લગતા કાયદાઓનો અનાદર નિષ્ફળ કરવાનું આપના હાથમાં છે, એ હું જાણું છું. હું આશા રાખું છું કે મારી પાછળ લાખો માણસ વ્યવસ્થિત કામ ઉપાડી લેશે અને જે મીઠાના કાયદા કદી થવા જ જોઈતા ન હતા એનો ભંગ કરી કાયદાની રૂએ થનારી સજાને ભોગવવા તૈયાર છું. જો કાગળમાં વજૂદ લાગતું હોય તો તારથી મને જાણ કરશો તો હું ખુશીથી તેમ કરતો અટકીશ. મારા કાગળના મુખ્ય મુદ્દાઓ સ્વીકારવાનું આપને અશક્ય લાગતું હોય તો મને મારા માર્ગેથી પાછા ફેરવવાનો પ્રયત્ન કરશો નહીં એવી વિનંતી બાપુ કહે છે. આ કાગળ ધમકી રૂપે લખાયેલો નથી, પાછા તેઓ સત્યાગ્રહના સરળ અને પવિત્ર ધર્મના પાલન અંગે છે એમ સ્પષ્ટ કરે છે.'

જો કે આ પત્રને વાઈસરોય અર્વિને બહુ ગંભીરતાથી લીધો નહીં. આ પત્રની વાતનું વજન તે સમજ્યા નહીં એ વાઈસરોયની બહુ મોટી રાજકીય ભૂલ થઈ. પણ એ ભૂલ ભારતને અને ગાંધીને ફળી. એના લીધે જ દાંડીકૂચ યોજાઈ અને દેશભરમાં સ્વરાજ માટેનું જાગૃતિસભર દેશવ્યાપી અને જગતે અત્યાર સુધીમાં ન જોયેલું અસરકારક જન આંદોલન થઈ શક્યું. વાઈસરોય તો ગાંધીના પત્રનું ઓછું મૂલ્ય આંકીને પત્રનો જવાબ તેમના ખાનગી મંત્રી પાસેથી મોકલીને સુલેહ શાંતિના ભંગ અને કાયદાનો અનાદર થવાનો ભય છે એ સામે અર્વિને દિલગીરી ઉપજી છે એમ જ જણાવ્યું. ગાંધીજીએ આ પત્રને 'વાસી' જવાબ કહ્યો. ખેદ વ્યક્ત કરીને બોલ્યા :

''પગે પડીને મેં જયાં ખાવાનું માગ્યું,
ત્યાં ભાણામાં પથરા મળ્યા !''

(વિશેષ વાચન ભલામણ : દાંડીકૂચ, ધીરુભાઈ હી. પટેલ, નવજીવન પ્રેસ)